હરિ:ૐ

હરિ:ૐ આશ્રમ સંચાલિત
ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજના
પુષ્પ : ત્રેવીસમું

# સાગરનાં મોતી

ચતુર...

– બિપિન પટેલ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન



પૂજ્ય શ્રીમોટા

જન્મ : ૪-૯-૧૮૯૮ દેહોત્સર્ગ : ૨૩-૭-૧૯૭૬

હરિઃ ૐ

હરિઃ ૐ આશ્રમ સંચાલિત
ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજના
પુષ્પ તેવીસમું

# સાગરનાં મોતી

(કેટલીક ગુણ-ભાવવર્ધક કથાઓ)

લેખક
શ્રી બિપિનભાઈ પટેલ

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન

● **પ્રકાશક :**
હરિ: ૐ આશ્રમ, નડિયાદ – ૩૮૭ ૦૦૧
© બિપિનભાઈ પટેલ
● પ્રથમ આવૃત્તિ : ૧૯૮૪

● પ્રત ૧૦૦૦

● પૃષ્ઠ સંખ્યા : ૮ + ૪૨ = ૫૦

● પૂજ્યશ્રી મોટાનો એક ફોટો

● કિંમત **રૂપિયા ૨–૭૫**

**પ્રાપ્તિસ્થાન :**

(૧) હરિ: ૐ આશ્રમ, નડિયાદ – ૩૮૭ ૦૦૧
(૨) હરિ: ૐ આશ્રમ, સૂરત – ૩૯૫ ૦૦૫

● બ્લૉક બનાવનાર : પંકજ પ્રોસેસ સ્ટૂડિયો, પખાલીની પોળની સામે, રાયપુર, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

● મુખપૃષ્ઠ ડિઝાઇન :
શ્રી જય પંચોલી 'નીરજ' ૫, હેમધ્રુવ સોસાયટી
અમદાવાદ–૩૮૦ ૦૦૭

● આવરણ–મુદ્રણ : દીપક પ્રિન્ટરી, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

● મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
પ્રણવ પ્રિન્ટર્સ
૧૧/અ, વિજય કોલોની,
સરદાર પટેલ કોલોની પાસે,
ઉસ્માનપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩

ન્યુ ઈરા હાઈસ્કૂલ વાલી મંડળ



હરિઃ ૐ

# સમર્પણાંજલિ

વિદ્યાર્થી-જીવનથી તે આજ સુધી
પૂજ્ય શ્રીમોટા અને હરિઃ ૐ આશ્રમ
સાથે
પચ્ચીસ વર્ષથી સતત સંકળાયેલા રહીને
પૂજ્ય શ્રીમોટા અને હરિઃ ૐ આશ્રમ પ્રતિ
એકધારો પ્રેમભાવ-સ્રોત સદા વહાવતા રહેલા છે
એવા સ્વજન
**શ્રી નટુભાઈ મહેતા(સુરત)ને**
સસ્નેહ સમર્પણ

—નંદુભાઈ

હરિઃ ૐ આશ્રમ
નડિયાદ
૧-૩-૮૪

# નિવેદન

શ્રી ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજનામાં પુષ્પ તેવીસમું, "સાગરનાં મોતી", હરિઃ ૐ આશ્રમ-પ્રકાશન તરીકે પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે.

બારડોલી કૉલેજના વિજ્ઞાનના અધ્યાપક શ્રી. બિપિન-ભાઈ પટેલ આના લેખક છે. પૂજ્યશ્રી મોટાની ભાવનાને અનુરૂપ આ પુસ્તિકા અમને લાગતાં આ શ્રેણીમાં છપાવવું યોગ્ય લાગ્યું છે. બાળકોના ગુણવિકાસમાં ભાવનાનું ચિંતન કરવામાં આ નાનકડું પુસ્તક ખૂબ ઉપયોગી નીવડશે એવી અમને શ્રદ્ધા છે.

પંકજ પ્રોસેસ સ્ટૂડિયો, રાયપુર, અમદાવાદના માલિક શ્રી રમેશભાઈ સરૈયા અને ભરતભાઈનો — વિનામૂલ્યે અમને કાયમ બ્લૉકો બનાવી આપે છે તેમનો; શ્રી જય પંચોલીએ મુખપૃષ્ઠ ડિઝાઇન કરી આપી છે તેમનો; પ્રણવ પ્રિન્ટર્સના શ્રી પ્રવીણભાઈ ગામી અને કર્મચારીઓએ આ ઝડપથી છાપી આપ્યું છે તેમનો સૌનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

૫–૩–૮૪ —નંદુભાઈ
હરિઃ ૐ આશ્રમ, નડિયાદ મૅનેજિંગ ટ્રસ્ટી

# ઓ ઈશ્વર! ભજીએ તને

ઓ ઈશ્વર! ભજીએ તને,
મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ,
થાય અમારાં કામ;
હેત લાવી હસાવ તું,
સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ! કરજે માફ.

*

થોડો સમય પસાર થઈ ગયો. સંતને એક સપનું આવ્યું. તેમણે એવું અનુભવ્યું કે મઢૂલીનાં ખુલ્લાં દ્વાર પર સાક્ષાત્ સરસ્વતી દેવી આવી ઊભાં છે. સર્વત્ર પ્રકાશ પ્રકાશ વેરાયો છે. તે પોતે મા સરસ્વતી દેવીના દર્શનથી ધન્યતા અનુભવી રહ્યા છે. માએ કહ્યું : 'વત્સ! હું તારા પર પ્રસન્ન છું. જલદી ઊઠ! મારી પાસેથી બધી જ વિદ્યા, બધું જ જ્ઞાન લઈ લે! હું તને જ્ઞાનનો એ ખજાનો આપવા આવી છું— લઈ લે જ્ઞાન અને પૂરી કર તારી લગની! અંત આવી જશે તારી ખોજનો! પછી તારે રાત-દિવસ મહેનત કરવી પડશે નહિ!'

ઊંઘમાં પણ સંતના હોઠ મલકી ઊઠ્યા. તેઓ તો પોતાની બધી જ મર્યાદા જાણતા હતા. તેઓ પોતે સમજતા હતા કે મા જે આપવા ઇચ્છે છે તેને માટેની પૂરેપૂરી લાયકાત હજી તેમનામાં નથી જ. તેમણે વિનય-પૂર્વક કહ્યું : 'મા! અવિવેક ક્ષમા કરો! પણ હું મારી મર્યાદા જાણું છું. હું જાણું છું કે બધું જ્ઞાન પામવાની અને પચાવવાની ક્ષમતા મારામાં નથી. હું એ પણ જાણું છું કે સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સખત તપસ્યા અને પરિશ્રમની જરૂર છે. હું હજી પૂરેપૂરી લાયકાત પ્રાપ્ત કરી શક્યો નથી. એવા સંજોગોમાં હું એ જ્ઞાન પચાવી શકીશ નહિ!'

સંતના આ જવાબથી મા સરસ્વતી ખૂબ જ પ્રસન્ન થયાં.

દૈવી પ્રસન્નતા મઢૂલીના કણેકણમાં પ્રસરી ગઈ !

મા સરસ્વતીએ કહ્યું : 'વત્સ ! હું તો તારી પરીક્ષા લેતી હતી. તું વિદ્યાનો સાચો અધિકારી છે. હું તારી સચ્ચાઈ અને લગન જોઈને ખૂબ જ ખુશ થઈ છું. તારે જે જોઈએ તે તું માગી લે !'

'મા ! તમારી આજ્ઞાનું ઉલ્લંઘન તો હું કેમ કરું ? તમે મને વરદાન આપવા જ ઇચ્છો છો તો એટલું કરો, મા, કે મારા અંતરદીપકમાં પ્રભુ પ્રતિ શ્રદ્ધા અને વિશ્વાસનું અખૂટ તેલ ભરેલું રહે; જેના શીતલ અને અમીટ પ્રકાશમાં નિશ્ચિંત બની હું સાધના-ઉપાસના, અધ્યયન, ચિંતન અને મનન કરતો રહું અને માનવજીવનના અંતિમ ધ્યેયને પામું !' સંતના રોમેરોમમાં આનંદ નાચી રહ્યો.

## ૪

## તો ખુદા આપણું રક્ષણ કરશે

એક વાર મહંમદ પયગંબર ક્યાંક જતા હતા. તેમની સાથે તેમના જમાઈ હજરત અલી પણ હતા. શાંતિથી બંને જણ આગળ વધી રહ્યા હતા.

ત્યાં રસ્તામાં એક માણસ તેમને સામો મળ્યો.

બંને ઊભા રહી ગયા.

પેલો માણસ હજરત અલીનો વિરોધી હતો. અલીને જોઈ તે ગુસ્સે ભરાયો. તે અલીને ગાળો દેવા લાગ્યો. થોડા સમય સુધી તો અલી એ બધું ચુપચાપ શાંતિથી સાંભળતા

રહ્યા. પરંતુ અલીની ખામોશી જોઈ પેલો તો બેકાબૂ બની ગયો. તેણે માત્ર હાથ ઉગામવાનું જ બાકી રાખ્યું. હજરત અલીની ધીરજ પણ ખૂટી ગઈ. હવે તેમણે પેલાના અપશબ્દોનો જવાબ તેવા જ ગંદા શબ્દોમાં વાળવા માંડચો.

બંનેને જીભાજોડી કરતા જોઈ મહંમદ પયગંબર ત્યાં થોભ્યા નહિ — ખૂબ જ ઝડપથી ચાલી આગળ નીકળી ગયા.

થોડી વાર પછી હજરત અલીએ જોયું કે પયગંબર સાહેબ તો ઘણા દૂર ચાલી ગયા છે. પોતાના વિરોધી સામે એકલા પડી જતાં હવે તેઓ ગભરાયા. બોલવાનું બંધ કરી તેઓ મહંમદ પયગંબર પાસે દોડી ગયા.

'પયગંબર સાહેબ! મારા વિરોધી સામે મને એકલો છોડી તમે ચાલી કેમ આવ્યા ?' અલીએ મહંમદ સાહેબને પૂછ્યું.

ખૂબ જ શાંતિથી જવાબ દેતાં મહંમદ સાહેબે કહ્યું : 'જુઓ! પેલો માણસ ગુસ્સાના આવેશમાં તમારી સાથે એલફેલ બોલી તમને ગાળો દેતો હતો અને તમે શાંતિથી ચુપચાપ એ બધું સહન કરતા હતા ત્યારે ખુદા તમારું રક્ષણ કરતા હતા. પરંતુ તમે તમારી ધીરજ છોડી તેના જેવા જ બની ગુસ્સો કરી તેને સામી ગાળો દેવા માંડી કે તરત જ ખુદા તમારાથી દૂર થઈ ગયા. અને જયાં ખુદા નહિ હોય ત્યાં હું કેવી રીતે ઊભો રહું ભલા ?' પળવાર

થંભી તેમણે અલીને સમજાવ્યું : 'જુઓ અલી સાહેબ!' જેવા સાથે તેવા બનવામાં ભલાઈ નથી જ. કોઈ આપણી સાથે દુર્વ્યવહાર કરે, અપશબ્દો બોલે કે ગુસ્સો કરે તોપણ આપણે આપણી સજ્જનતા ગુમાવવી નહિ કે ધીરજ અને સહનશક્તિ ગુમાવી તેની સાથે તેના જેવા દુષ્ટ બનવું નહિ! જો આપણામાં ક્ષમા, ઔદાર્ય, ધીરજ અને સહનશક્તિના ગુણ હશે તો ખુદા આપણું સતત રક્ષણ કરતા રહેશે.

## ૫

## આત્મવિશ્વાસનું બળ

એક વાર વિધાતાને પોતાની રચેલી સૃષ્ટિ જોવાની ઇચ્છા થઈ.

ઇચ્છાને તેમણે અમલી પણ બનાવી.

વિધાતા તો પૃથ્વી પર ફરવા નીકળી પડ્યાં. પોતાના ભ્રમણનો પ્રારંભ કર્યો તેમણે શહેરના ગીચ વિસ્તાર અને તેના ભવ્ય રાજમાર્ગ પરથી.

ભૌતિક સુખ-સંપત્તિ પાછળ આંધળી દોટ મૂકતા શહેરી જનો પ્રત્યે તેમને દયા આવી. સાચા અને શાશ્વત સુખ અને આનંદને ભૂલી જઈ, ચળકાટ મારતા પિત્તળને સોનું સમજી પોતાના સાચા માર્ગથી વિમુખ બનેલા માનવોને કેમ સમજાવવું કે — 'તમે જે માર્ગે દોડો છો તે સાચો માર્ગ નથી; માનવજીવનનું લક્ષ્ય તો કંઈક બીજું જ છે.' — તે તેમને પણ સમજાયું નહિ.

શહેરી વિસ્તારમાં ફરી તેઓ ગ્રામ્યવિસ્તારમાં પ્રવેશ્યાં.

ગામથી થોડે દૂર, એક દૂબળોપાતળો ખેડૂત એક કોદાળી વડે એક પર્વતને ખોદી રહ્યો હતો.

ખૂબ જ આશ્ચર્ય થયું વિધાતાને આ દૃશ્ય જોઈને!

એક માયકાંગલો ખેડૂત!

સામે અડીખમ ઊભો છે એક વિશાળકાય પર્વત!

ને તેનું ખોદકામ કરે આ નાનકડો માણસ!

માનવીનું શું ગજું આ કાર્ય કરવા માટે?

દૂર ઊભી ઊભી વિધાતા મરક મરક હસવા લાગી. પરંતુ તેને એક વાત સમજાતી નહોતી કે આ અશક્ય કાર્ય એકલે હાથે કેવળ કોદાળી વડે જ કરતા પેલા નિર્બળ ખેડૂતના ચહેરા પર કોઈ નિરાશા કે થાક કેમ વર્તાતાં નથી?

'ચાલ! થોડી વાતો કરું તેની સાથે!' એવા વિચારથી વિધાતાએ પેલા ખેડૂત પાસે જઈને પૂછ્યું: 'ભાઈ! તમે શું કરો છો?'

અરે! આવો પ્રશ્ન મને કોણ પૂછતું હશે? ખેડૂતે સહેજ વાર ઉપર જોયું. પછી પોતાનું કાર્ય થંભાવ્યા વિના જ તેણે કહ્યું: 'પર્વત ખોદીને તેને હટાવી રહ્યો છું!'

'કેમ?' વિધાતાએ બીજો પ્રશ્ન કર્યો.

પોતાનું કાર્ય ક્ષણવાર થંભાવી પેલા ખેડૂતે ખૂબ જ નમ્રતાથી સમજણ પાડી: 'હું આ પર્વતને એટલા માટે

હટાવી રહ્યો છું કે વરસાદનાં વાદળો તેને કારણે આ બાજુ આવી શકતાં નથી. તેની સાથે ટકરાઈને પેલી બાજુએ જ વરસી જાય છે અને મારાં ખેતરોને પાણી મળતું નથી.'

'શું તમે તેને હટાવી શકશો ?' ક્ષણવાર થંભી વિધાતાએ ત્રીજો પ્રશ્ન પૂછ્યો.

ખેડૂતે વિધાતાની આંખમાં જોયું. પછી ખૂબ જ સ્વાભાવિકતાથી દૃઢપણે કહ્યું : 'કેમ નહિ ? હું તેને હટાવીને જ રહીશ.' તેના શબ્દોમાં આત્મવિશ્વાસનો રણકાર હતો.

હસતી હસતી વિધાતા આગળ વધી.

ખેડૂતે પોતાનું કાર્ય પાછું ચાલુ કર્યું.

વિધાતા હજી તો થોડે દૂર જ ગઈ હશે, ત્યાં તો સ્વયં પર્વતરાજ તેમની સમક્ષ હાથ જોડતા ઊભા રહ્યા ને વિનંતી કરવા લાગ્યા : 'દેવી ! મારી રક્ષા કરો !'

'અરે ! શું તું સાચેસાચ ડરી ગયો પેલા ખેડૂતથી ?' વિધાતાને ખૂબ જ આશ્ચર્ય થયું કે એક દૂબળાપાતળા, ટચૂકડા ખેડૂતથી આ પર્વતરાજ સાચે જ ગભરાઈ ગયો ?

'દેવી ! મારો ભય સાચો જ છે.' પર્વતરાજે કહ્યું, 'હું પેલા ખેડૂત કે તેની કોદાળીથી નથી ડર્યો. પરંતુ તેનામાં રહેલા આત્મવિશ્વાસના પ્રબળ બળનો મને ભય છે. ખેડૂતની અંદર જે આત્મવિશ્વાસ છે તે મને હટાવીને જ છોડશે. જો તે તેના જીવનકાળ દરમ્યાન મને હટાવી નહિ શકે તો આત્મવિશ્વાસની એ જ્યોતના બળે તેનો

દીકરો અથવા પૌત્ર અથવા પ્રપૌત્ર મને જરૂર હટાવીને જ રહેશે. આત્મવિશ્વાસનાં મૂળ ઘણાં લાંબાં અને ઊંડાં હોય છે, દેવી !'

પ્રખર ગરમીમાં પણ કોઈ પણ પ્રકારના થાક વિના ખોદકામ આગળ વધારી રહેલા ખેડૂતના રોમેરોમમાંથી ચમકતા આત્મવિશ્વાસને જોઈ વિધાતાને પણ થયું કે પર્વતરાજ સાચો છે !

## ૬
## હાથની સુંદરતા

નાનું એવું નગર.

નગરનો એક મહોલ્લો.

મહોલ્લાને છેડે એક જાહેર નળ.

આ જાહેર નળ પરથી સૌ પાણી ભરે. આવતા-જતા લોકો પણ આ જાહેર નળનો ઉપયોગ કરે.

એક વાર આ નળ પર ચાર સ્ત્રીઓ ભેગી થઈ ગઈ. ચારે પાણી ભરવા આવી હતી.

ચારમાં ત્રણ સ્ત્રીઓ ગોરી અને એક કાળી હતી.

ગોરી સ્ત્રીઓ દેખાવડી પણ હતી.

કાળી સ્ત્રી હતી કુરૂપ.

ત્રણ ગોરી સ્ત્રીઓ એકબીજી સાથે વાતે વળગી.

એકે કહ્યું : 'મારા હાથ તો કેટલા સુંદર દેખાય

છે, નહિ ? કદાચ આપણા સૌમાં મારા જ હાથ સૌથી વધુ સુંદર છે.'

'જા ! જા હવે ! મારા હાથ વધારે સારા છે !' બીજી ગોરી સ્ત્રીએ તરત જ કહ્યું.

'હવે તમે બંને ચૂપ રહેશો ? તમારા બંને કરતાં તો મારા જ હાથ વધુ સારા છે !' ત્રીજી સ્ત્રી શા માટે ચૂપ રહે ? તેણે પણ પોતાના હાથની જ અગ્રિમતા દર્શાવી.

ત્રણેમાં પડી તકરાર.

પેલી કાળી સ્ત્રી બિચારી શું બોલે ? ચૂપ રહી !

નળ તો ચાલુ જ હતો.

ઘડો ઊભરાવા લાગ્યો.

પાણી વહી જવા લાગ્યું.

પણ ત્રણેનું ધ્યાન તે તરફ ક્યાં હતું ? તેમણે તો પોતાના હાથની સુંદરતાને સૌથી શ્રેષ્ઠ સાબિત કરવી હતી.

એટલામાં ત્યાં એક ભિખારણ આવી.

ત્રણે ગોરી સ્ત્રીઓએ પેલી ભિખારણને પૂછ્યું : 'એય ડોશી ! તું જ કહે કે અમારા ત્રણમાંથી કોના હાથ સૌથી સુંદર છે ?'

'હું ખૂબ ભૂખી છું, પહેલાં મને કંઈ ખાવાનું આપો. પછી બીજી વાત.' ભિખારણે કહ્યું.

'ચાલ ચાલ ! તું તારો રસ્તો પકડ ! છે તો કેવી જાડીપાડી ! નીકળી પડી ભીખ માગવા !' ત્રણે ગોરી સ્ત્રીઓ ક્રોધિત થઈ ગઈ.

બિચારી ભિખારણ !

'મા ! મારે ઘરે આવશો ? હું તમને ખવડાવીશ !' ચોથી કાળી સ્ત્રી, જે અત્યાર સુધી શાંત હતી, તેણે કહ્યું.

ભિખારણ ચુપચાપ પેલી કુરૂપ કાળી સ્ત્રી સાથે ચાલી ગઈ. પણ જતાં જતાં તેણે કહ્યું : 'રંગ ગોરો હોવાથી કોઈ હાથ સુંદર નથી બનતો. જે હાથ ધર્મકાર્ય કરે; જે હાથ દાન કરે તે જ હાથ સુંદર છે. પછી તે ગોરા હોય કે કાળા !'

## ૭

## તારી જ મીણબત્તી કેમ હોલવાયેલી છે?

થોમસનો નાનો પરિવાર સુખી પરિવાર હતો.

પરિવારમાં થોમસ, તેની પત્ની અને તેની નાનકડી દીકરી – એમ ત્રણ જ સભ્યો હતાં.

પતિ-પત્નીનું સ્વર્ગ તેમની નાનકડી દીકરીમાં સમાયું હતું. બંનેને ખૂબ જ વહાલી હતી તેમની દીકરી.

થોમસને તો તેની લાડલી બેટી તેના પોતાના પ્રાણ-થી પણ અધિક પ્યારી હતી.

ઑફિસમાંય અવારનવાર તેને પોતાની દીકરી યાદ આવી જતી. ઘણા તો તેની આ ઘેલછાને ગાંડપણમાં ખપાવી દેતા. થોમસને કોઈની પડી નહોતી. કોઈ ગમે તે બોલે અથવા ગમે તે કહે, થોમસ ખાસ ધ્યાન આપતો નહીં.

એક દિવસ થોમસની એ લાડલી બેટી માંદી પડી.

થોમસ અને તેની પત્ની બેબાકળાં બની ગયાં. માંદગી વધતી ગઈ. કોઈ જ દવા કાર્ય કરતી નહોતી. થોમસનું તો લોહી ઊડી જવા લાગ્યું. અંતે તેની લાડલી બેટી એ માંદગીમાં જ ખપી ગઈ. કોઈ ઇલાજ કામ ન આવ્યો. બધું જ વ્યર્થ ગયું.

દીકરીના મૃત્યુના શોકથી થોમસ લગભગ પાગલ બની ગયો.

તેની પત્ની કઠણ હૈયે તેને સાંત્વના આપતી રહી – તે પણ મા હતી. પરંતુ તેને ડર લાગતો હતો કે દીકરી તો તેણે ગુમાવી, હવે પતિ પણ ગુમાવશે કે શું?

થોમસે ઑફિસે જવાનું બંધ કરી દીધું.

રાત-દિવસ રડતો જ રહ્યો — પાગલની માફક!

એક રાતે તેણે એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં તે સ્વર્ગમાં પહોંચી ગયો. ત્યાં તેણે નાના નાના બાલ-દેવદૂતોનું એક સરઘસ જોયું.

નાના નાના – નિખાલસ – ભોળા દેવદૂતોનું એ સરઘસ જોવામાં થોમસ તો મશગૂલ બની ગયો. તેણે જોયું તો દરેક બાળકે સફેદ વસ્ત્ર પરિધાન કર્યાં છે અને દરેકના હાથમાં એક સળગતી મીણબત્તી છે. દરેક બાળકના ચહેરા પર આનંદની ચમક છે — હસતાં-કૂદતાં એ બાળ-દેવદૂતોને જોતાં તેની આંખ ધરાતી જ નહોતી. અચાનક તેણે જોયું તો એક બાળ-દેવદૂતના હાથમાંની મીણબત્તી હોલવાઈ ગયેલી હતી અને તેના ચહેરા પર આનંદને સ્થાને

વિષાદની કાલિમા હતી. ધારી ધારીને તેણે જોયું તો તે વધારે ચમક્યો : 'અરે ! આ તો મારી લાડલી બેટી !'

તે દોડી ગયો.

વહાલી દીકરીને તેણે ખોળામાં લીધી. બુચકારી. પછી ખૂબ જ પ્રેમથી તેણે પૂછ્યું : 'દીકરા ! તારી જ મીણ-બત્તી કેમ હોલવાયેલી છે ?'

રડતાં રડતાં તેની દીકરીએ કહ્યું : 'પિતાજી ! આ લોકો તો વારંવાર તેને સળગાવે છે. પરંતુ તમારા આંસુ તેને હોલવી નાખે છે. મારા પ્રત્યેની આસક્તિએ તમને પાગલ બનાવ્યા છે. શોકમાં ડૂબેલા તમે રડ્યા કરો છો. પિતાજી ! મૃત્યુ તો સૌને માટે નિશ્ચિત છે જ. તો પછી તમારી આંખોમાં આંસુ શા માટે ?'

નાનકડી મૃત દીકરીએ થોમસને સાચું જ્ઞાન આપ્યું.

તેનું સ્વપ્નું તૂટી ગયું.

તેની આંખો ખૂલી ગઈ !

બસ ત્યાર પછી કોઈએ તેને રડતો જોયો નથી — કોઈએ ક્યારેય તેના ચહેરા પર ઉદાસીનતા કે વિષાદની કાલિમા જોઈ નથી.

થોમસ હવે પ્રત્યેક નાના બાળકમાં પોતાની વહાલી દીકરીનું પ્રતિબિંબ જુએ છે અને આનંદ મેળવે છે.

થોમસની મૃત પુત્રી થોમસને સ્વપ્નમાં પણ શીખવી ગઈ કે આસક્તિનો ત્યાગ કરો. શોક અને આનંદ તો મન સાથે સંબંધ ધરાવે છે.

## ૮

## '........કોઈનું લોહી નહિ !'

થોડાં વર્ષો પહેલાંની આ ઘટના છે.

મુંબઈ મહાનગરીમાં શ્રી રાયચંદભાઈનું નામ એક પ્રતિષ્ઠિત ઝવેરી તરીકે ખૂબ જ જાણીતું હતું. વેપારી આલમમાં તેઓ પ્રથમ પંક્તિના વેપારી હતા.

રાયચંદભાઈએ કોઈ એક વેપારી સાથે હીરાનો સોદો કર્યો. સોદાની રકમ પણ નક્કી થઈ ગઈ. અને બંને પક્ષની સમજૂતીથી સોદાનો દસ્તાવેજપત્ર પણ તૈયાર થયો. દસ્તાવેજમાં એવું લખાણ લખાયું કે પેલા વેપારીએ નક્કી કરેલા ભાવે થોડા દિવસ (દિવસ પણ નક્કી કરાયો હતો) પછી મુંબઈના આ ઝવેરી શ્રી રાયચંદભાઈને હીરા આપવા. દસ્તાવેજપત્ર પર સહીઓ પણ થઈ ગઈ.

આ દસ્તાવેજપત્ર તૈયાર થયા પછી, સંજોગો બદલાયા – એવા બદલાયા કે હીરાની કિંમત ખૂબ જ વધી ગઈ ! આ બદલાયેલા ભાવ પછી જો પેલો વેપારી શ્રી રાયચંદભાઈને પેલા દસ્તાવેજ પ્રમાણે તેમાં લખેલી કિંમત પ્રમાણે જો હીરા આપવા જાય તો તે વેપારીને લગભગ પોણા લાખ રૂપિયાનું નુકસાન થવાનો સંભવ હતો. આમ એ દસ્તાવેજ પ્રમાણે સોદો પતાવવા માટે કદાચ પેલા વેપારીએ પોતાની જમીન, ઘર બધું વેચવું પડે !

શ્રી રાયચંદભાઈને હીરાના વેપારમાં આવેલી અત્યધિક તેજીની જાણ થઈ. તેઓને જેવી આ વાતની જાણ થઈ કે તરત જ તેઓ પેલા વેપારીને ત્યાં ગયા. વેપારીને તો શંકા હતી જ કે, રાયચંદભાઈને હીરાના બજારભાવની જાણ થતાં દસ્તાવેજમાં લખેલા જૂના — ઓછા — ભાવે હીરા લેવા — ખરીદવા માટે તેઓ આવશે. વેપારીએ તો માની લીધું કે રાયચંદભાઈ હીરા લેવા માટે આવ્યા છે. તેમણે કહ્યું : 'આપણી વચ્ચે થયેલા સોદા અંગે હું ચિંતિત છું. હું ખાતરી આપું છું કે કોઈ પણ ભોગે હું સોદા પ્રમાણે જ વર્તીશ અને ચાલુ બજારભાવે તમને મળવાપાત્ર વધારાની રકમ હું અવશ્ય ચુકવીશ. તમે ચિંતા ના કરશો.'

રાયચંદભાઈએ કહ્યું : 'વાહ ભઈ વાહ ! હું શા માટે ચિંતા ના કરું ? તમે ચિંતા કરો અને હું ના કરું ? આપણી વચ્ચે થયેલા સોદાને કારણે જ તો આજે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. માટે હવે તેને સમાપ્ત જ કરી દેવો જોઈએ.'

વેપારીએ એવું માન્યું કે રાયચંદભાઈ બદલાયેલી પરિસ્થિતિનો લાભ લેવા માગે છે. તેણે કહ્યું : 'મને બે દિવસની મુદત આપો. હું સોદો પતાવી દઈશ. પણ હું ઇચ્છું છું કે દસ્તાવેજનો તમે બીજો કોઈ ઉપયોગ ન કરો.' વેપારીને ડર લાગ્યો કે દસ્તાવેજમાં જણાવેલો સમય પણ થઈ ગયો છે. જો સમય પ્રમાણે સોદો ન પતે અને રાયચંદભાઈ દસ્તાવેજપત્ર પ્રમાણે કોર્ટનો માર્ગ અપનાવે તો ? તો પોતાની પ્રતિષ્ઠા ધૂળમાં મળવાની

શક્યતાઓ હતી.

'અરે ભાઈ! મારું કહેવાનું તમે સમજ્યા નહિ ! હું તો એમ કહેતો હતો કે આ દસ્તાવેજ જ તો તમારી અને મારી ચિંતાનું મૂળ કારણ છે. એ જ જો ન હોય તો ? હું જાણું છું કે દસ્તાવેજના લખાણને કારણે તમે બંધનમાં છો. હીરાના બજારભાવ વધી જવાને કારણે મારે તમારી પાસે આ લખાણને આધારે લગભગ ૫૦,૦૦૦ રૂપિયા લેવાના થાય.* પરંતુ ભાઈ! હું પણ માણસ છું અને તમારી સ્થિતિ સમજી શકું છું કે આ રૂપિયા ચૂકવવા માટે તમારે ન-જાણે શું શું કરવું પડે ? ભાઈ, રાયચંદ દૂધ પી શકે છે પણ કોઈનું લોહી નહિ!' એમ કહી તેમણે પેલા દસ્તાવેજના ફાડીને ટુકડા કરી નાખ્યા.

આ રાયચંદભાઈ તે જ શ્રીમદ્ રાજચંદ્રજી !

મહાત્મા ગાંધીજીએ તેમની પાસેથી સત્ય અને અહિંસાની પ્રેરણા મેળવી હતી. તેમણે શ્રીમદ્ રાજચંદ્રજીને એક વાર કહ્યું પણ હતું : 'મેં કોઈ ગુરુ કર્યા નથી પરંતુ મને જો કોઈ ગુરુ મળ્યા હોય તો તમે છો !'

માનવતાના પાઠ ભણાવતું આ સચોટ દૃષ્ટાંત સાચે જ એક અમૂલ્ય મોતી છે.

---

* તે વેળાના — એટલે આજથી ૮૦ વર્ષ પહેલાંના — ૧ લાખ રૂપિયાની ખરીદશક્તિ — તે આજના ૨૫થી ૩૦ લાખ રૂપિયાની શક્તિ બરાબર થાય.

# ૯
# પ્રેમની શક્તિ

કોઈ એક નગરમાં એક શેઠ રહે.

શેઠનું કુટુંબ નાનું હતું પણ ભૌતિક સુખ-સંપત્તિથી ભરપૂર હતું. હવેલી હતી, નોકર-ચાકર હતા અને બૅન્કમાં બૅલેન્સ પણ સારું હતું.

એક રાત્રે શેઠને એક સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં સાક્ષાત્ લક્ષ્મીજીએ દર્શન દીધાં અને કહ્યું : 'શેઠજી! હવે તમારું પુણ્ય પૂરું થયું છે તેથી હવે હું તમારું ઘર છોડીને ચાલી જઈશ. જતાં પહેલાં કહેવા આવી છું કે તમારે જે જોઈએ તે માગી લો!'

શેઠને આશ્ચર્ય અને દુઃખ બંને થયાં. તેઓ સમજી ગયા કે આ કંઈક ગર્ભિત સંદેશો છે. ખૂબ વિચાર કર્યા પછી તેમણે કહ્યું : 'મા! હું એકલો તો શી રીતે કંઈ માગી શકું? આવતી કાલે મારા પરિવારના સભ્યો સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી કંઈ માગીશ!'

'સારું! કાલે ફરી આવીશ!' લક્ષ્મીજી તો આટલું કહી અંતર્ધાન થઈ ગયાં. પણ શેઠને ઊંઘ ન આવી — પરિવારમાંથી લક્ષ્મી ચાલી જાય તો આ સુખ-વૈભવ-માન-મોભાનું શું થાય? જિંદગીના શેષ દિવસો કેવી રીતે પસાર કરી શકાય? મુશ્કેલીનો તો પાર જ ના રહે!

વિચારોનું ચક્ર ચાલતું રહ્યું. ને એમ જ રાત પૂરી થઈ ગઈ.

સવારે શેઠે પરિવારના સૌ સભ્યો સમક્ષ પોતાને આવેલા સ્વપ્નની વાત કરી. લક્ષ્મીજીની આજ્ઞાનુસાર કંઈક માગી લેવાની વાત પણ કરી. પ્રશ્ન એ થયો કે માગવું શું ?

'જુઓ પિતાજી ! સ્વપ્નની વાત કદી સાચી પડતી નથી. સ્વપ્નું આવ્યું અને ગયું. એમાં ઝાઝો વિચાર કરી આમ નાહકના દુઃખી ના થાઓ. એ બધી ખોટી વાત છે.' શેઠના દીકરાએ તો વાત જ કાપી નાખી.

'એમ કરો ! હીરા – મોતી – સોનું – ચાંદી માગી લો જેથી આપણને ભવિષ્યમાં કોઈ જ મુશ્કેલી ના પડે !' શેઠાણીએ કહ્યું.

અંતે શાંત ચિત્તે બેઠેલી પુત્રવધૂએ કહ્યું : 'જુઓ પિતાજી ! લક્ષ્મીજી જવા જ માગતાં હશે તો આ બધી વસ્તુઓ મળવા છતાં પણ ટકશે શી રીતે ? એ તો લક્ષ્મીજી ચાલી જતાં તેમની પાછળ પાછળ ચાલી જ જશે. એક કામ કરો. તમે લક્ષ્મીજી પાસે એવું માગો કે આપણા પરિવારના સૌ સભ્ય પ્રેમથી રહે. સંપીને રહે. પરસ્પર પ્રેમ વધે ને આપણે ઈશ્વરચિંતન કરતા રહીએ. પરિવારના સભ્યોમાં પરસ્પર પ્રેમ વધશે અને ઈશ્વરચિંતનની ભાવના વધશે તો વિપત્તિ કે મુશ્કેલીના દિવસો આપણે સરળતાથી કાપી શકીશું !'

શેઠને પુત્રવધૂની વાતથી સંતોષ અને આનંદ થયો. તેમને પુત્રવધૂની વાત સાચી લાગી કે, ભૌતિક સુખસંપત્તિ

કે ધન-દોલત તો ગૌણ બાબત છે. પરિવારના પ્રત્યેક સભ્ય પ્રેમનાં બંધન વડે બંધાયેલા રહે અને ઈશ્વરના ભરોસે જીવે એ જ તો મુખ્ય બાબત છે.

'તારી વાત સાચી છે, બેટા! પરિવારમાં પ્રેમ હશે તો બધું જ હશે. તેં જે કહ્યું છે તે જ પ્રમાણે હું માગીશ.'

શેઠે પ્રસન્ન ચિત્તે દિવસ પસાર કર્યો.

રાત્રે ફરીથી સ્વપ્નમાં પધારી લક્ષ્મીજીએ શેઠને પૂછ્યું : 'બોલો શેઠજી ! શું માગો છો ?'

શેઠે પ્રાર્થના કરતાં કહ્યું : 'દેવી! અમારા પરિવાર-માંથી આપ જવા જ માગો છો તો આનંદથી જાઓ. પરંતુ એક વરદાન આપતાં જાઓ કે અમારા પરિવારના સભ્યોમાં સદાય પ્રેમ અને પ્રસન્નતા જળવાઈ રહે. અમારા કુટુંબમાં ક્યારેય કલહ ના થાય.'

મરક મરક હસતાં લક્ષ્મીજીએ કહ્યું : 'શેઠજી ! આ વરદાન માગીને તો તમે મને બાંધી જ લીધી. જે પરિવાર-ના સભ્યોમાં પરસ્પર પ્રેમ અને સહકારની ભાવના હોય ત્યાંથી ભલા હું શી રીતે જઈ શકું ?'

## ૧૦
## ખોટો ગર્વ શા માટે ?

ગ્રીસ દેશની આ ઘટના છે.

ત્યાં રહે એક જમીનદાર. તેની પાસે ખૂબ સંપત્તિ

હતી — જાગીર પણ સારી એવી હતી. દેશના પ્રથમ પંક્તિના જાગીરદારોમાં તેની ગણના થતી હતી.

લોકો તેનું આદર-સન્માન કરતા.

તેને એક ટેવ હતી; જ્યાં પણ જાય ત્યાં પોતાની સંપત્તિનું, પોતાની માલમિલકતનું પ્રદર્શન કરતો ફરે. પોતે જ પોતાના વૈભવનાં વખાણ કરતો ફરે. ઘણાને તેની આ ટેવ ન ગમે. પરંતુ શું થાય? ભાઈસાહેબ રહ્યા પ્રથમ પંક્તિના જાગીરદાર — સમાજમાં મોભાદાર વ્યક્તિ! કોણ કહે કે તમારી આ ટેવ ખોટી છે! કોણ સમજાવે તેને કે તમારો આ દુર્ગુણ છે!

એક વાર આ જાગીરદારનો ભેટો થઈ ગયો ગ્રીસના મહાન તત્ત્વચિંતક સૉક્રેટિસ સાથે. વાતમાં ને વાતમાં ભાઈ-સાહેબે તો પોતાની માલમિલકત, ધન-સંપત્તિ, જાગીર-દારીની વાતો કરવા માંડી. પ્રારંભમાં તો સૉક્રેટિસ પણ સાંભળતા રહ્યા — પણ અંદરથી તો હસતા રહ્યા!

'વાહ! તમે તો ખૂબ મોટા જાગીરદાર કહેવાઓ!' સૉક્રેટિસે હસતાં હસતાં કહ્યું. પછી તેમણે દુનિયાનો નકશો મગાવ્યો. પેલા ભાઈને ખાસ ગતાગમ ના પડી. તેણે તો પોતાની જ વાત ઠોકચે રાખી. સૉક્રેટિસે તેને જરા થંભી જવા કહ્યું. પેલા ભાઈ થંભ્યા એટલે તેમણે પૂછ્યું: 'આ નકશો તમે ઓળખો છો?'

'આ તો દુનિયાનો નકશો છે!' પેલા જમીનદારે કહ્યું.

'એમાં આપણો દેશ દેખાડશો ?' સૉક્રેટિસે પ્રશ્ન પૂછ્યો અને થોડી જ વારમાં ગ્રીસના નકશા પર આંગળી મૂકતાં તેણે કહ્યું : 'આ રહ્યો ગ્રીસ દેશ.'

'સરસ ! હવે મને તમારો એટિકા પ્રાંત બતાવશો ?'

થોડી મુશ્કેલી તો પડી પણ તેણે એટિકા પ્રાંત પણ શોધી બતાવ્યો.

થોડી વાર થંભીને સૉક્રેટિસે કહ્યું : 'હવે તે પ્રાંતમાં તમારી જાગીર બતાવશો ?'

જમીનદારે હસતાં હસતાં કહ્યું : 'મહારાજ ! તમે કેવી વાત કરો છો ? આટલા વિશાળ વિશ્વમાં મારી નાનકડી જાગીરની શી વિસાત ? એ ભલા આ નકશામાં ક્યાંથી દેખાડી શકાય ?'

ત્યારે સૉક્રેટિસે તેને સમજાવ્યું : 'ભાઈ! આટલા મોટા નકશામાં જે જાગીરને માટે એક નાનકડું ટપકું પણ મૂકી શકાતું નથી; તે થોડી અમસ્તી જમીન કે જાયદાદ માટે તું આટલું બધું અભિમાન કરી રહ્યો છે ? જરા બતાવીશ ખરો કે તો પછી આ અખિલ બ્રહ્માંડમાં એ જાગીર–જમીન–જાયદાદનું શું સ્થાન હશે ? ભાઈ, આ ક્ષુદ્રતાને માટે ખોટો ગર્વ શા માટે ?'

## ૧૧
## જીવન જીવવાની જડીબુટ્ટી

જાપાનનો એક સુપ્રસિદ્ધ કલાકાર.

નાગુચી તેમનું નામ.

તેમના વિદ્યાર્થીકાળની આ ઘટના છે.

કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન એક વાર તેઓ લટાર મારવા નીકળી પડચા. સાંજનો સમય હતો. લટાર મારતા મારતા તેઓ એક બગીચામાં જઈને બેઠા. તેમની બેઠકની સામે જ એક વૃક્ષ હતું. વૃક્ષની નીચે એક ફકીર બેઠો હતો.

એક ભિખારી નાગુચી પાસે આવ્યો :

'સાહેબ! બે દિવસથી કંઈ ખાધું નથી. કંઈક આપશો? ઈશ્વર તમારું ભલું કરે!' ભિખારીની આંખોમાંથી ભૂખ ડોકિયાં કરતી હતી.

નાગુચીના ખિસ્સામાં સારી એવી રકમ હતી. પરંતુ પેલા ભિખારીને કંઈ આપવાની ઇચ્છા તેમને ન થઈ.

ભિખારીએ ફરી એક વાર વિનંતી કરી.

'જાય છે કે અહીંથી!?' નાગુચીને હવે ક્રોધ ચડચો. તિરસ્કારથી તેમણે તેને દૂર ધકેલ્યો.

બિચારો ભિખારી! ચુપચાપ ત્યાંથી ચાલી નીકળ્યો અને સામે પેલા વૃક્ષ નીચે બેઠેલા ફકીર જેવા લાગતા

માણસ પાસે હાથ લંબાવતો ઊભો રહ્યો.

'એક ભિખારી બીજા ભિખારીને શું આપવાનો હતો ?" નાગુચીના મનમાં પ્રશ્ન તો થયો પણ પછી કુતૂહલવશ તેમણે તે તરફ જોયું. પેલા ફકીર જેવા લાગતા માણસે પ્રેમથી પેલા ભિખારીને પોતાની પાસે બેસાડ્યો. હેતથી તેના શરીર પર હાથ પસવાર્યો. પછી ખૂબ જ પ્રેમથી હસતાં હસતાં એક ચીંથરાની ગાંઠમાં બાંધેલો એક – કેવળ એક જ હતો તે – સિક્કો પેલા ભિખારીને આપી દીધો.

ભિખારી ખુશ થઈને આશીર્વાદ આપતો ચાલ્યો ગયો.

નાગુચીએ ધારી ધારીને જોયું તો અકિંચન દશામાં પણ તે ફકીર પ્રસન્ન હતો. નાગુચી ઊઠીને પેલા ફકીર પાસે ગયા. ફકીરી હાલતમાં પણ તેનું સ્વસ્થ સ્વાસ્થ્ય જોઈને તેને વધુ આશ્ચર્ય થયું.

'તમે આવું પ્રસન્ન હાસ્ય કેવી રીતે વેરી શકો છો ? તમારો પોતાનો ખ્યાલ કર્યા વિના તમે પેલા ભિખારીને કેમ પૈસા આપ્યા ?' નાગુચીએ પૂછ્યું.

નાગુચીના આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં પ્રસન્નતાપૂર્વક હસતાં હસતાં એ ફકીરે કહ્યું : 'હું જ્યારે આ દુનિયાનાં અસીમ દુઃખો તરફ એક નજર કરું છું ત્યારે મારું દુઃખ મને તુચ્છ લાગે છે. અને તેથી જ તો મેં સદાય પ્રસન્નતા-પૂર્વક હસતા રહેવાને મારા જીવનની જડીબુટ્ટી બનાવી છે. અને બીજી વાત – હું એટલો નીચ નથી કે મારી ભૂખને ભૂખ સમજું અને અન્યની ભૂખને અપમાનિત કરું ! હકીકતમાં હું છેલ્લા દશ દિવસથી ભૂખ્યો છું. આજે જ

કોઈ સજ્જને મને પેલો સિક્કો આપ્યો હતો. પરંતુ મારાથી અધિક પ્રબળ ભૂખની જ્વાળા મેં તેની આંખોમાં દીઠી. હું તો પ્રસન્ન ચિત્તે હજી પણ બેચાર દિવસ ખેંચી કાઢીશ.' પ્રસન્નતાનું એક મોજું નાગુચીએ પેલા ફકીરના ચહેરા પર દીઠું.

'પ્રત્યેક માનવી પોતાનાં નાનકડાં દુઃખોનો વિચાર કરવા કરતાં બીજાઓનાં દુઃખોનો વિચાર કરી પોતાનાં દુઃખોને તુચ્છ સમજી હંમેશાં પ્રસન્નતાપૂર્વક જીવવાનું વિચારે તો ?' એક વિચાર સ્ફુરી ગયો નાગુચીના મનમાં !

નાગુચીને જીવન જીવવાની જડીબુટ્ટી મળી ગઈ !

## ૧૨
## સંતનું મૂલ્ય

વર્ષો પહેલાંની આ ઘટના છે.

ઈરાન અને તુર્કસ્તાન વચ્ચે યુદ્ધ ચાલતું હતું.

એ દરમ્યાન ઈરાનના એક મહાન સંત, સંત અન્સારને તુર્કીઓએ પકડી લીધા. એટલું જ નહિ, પરંતુ તેમના પર જાસૂસી કરવાનો આરોપ મૂકી તેમને ફાંસીની સજા પણ જાહેર કરી દીધી.

આ તરફ ઈરાનના લોકોને આ વાતની ખબર પડી ત્યારે તેમને ખૂબ જ દુઃખ થયું.

ઈરાનની પ્રજા તેમના આ મહાન સંતને ખૂબ જ

ચાહતી હતી. કોઈ પણ હિસાબે તેઓ તેમના પ્યારા સંતને પાછા મેળવવા ઇચ્છતા હતા. બધાએ ભેગા મળી નક્કી કર્યું કે કોઈ પણ ભોગે આપણે આપણા પ્યારા સંતને પાછા મેળવવા જ જોઈએ. તેમણે તુર્કસ્તાનના રાજાને સંદેશો પહોંચાડયો કે : 'જોઈએ એટલી કિંમત લઈ લો પણ અમારા સંત અન્સારને મુક્ત કરો !' એટલું જ નહિ પણ તેમના વજન ભારોભાર સોનું આપવાની ઇચ્છા પણ તેમણે પ્રદર્શિત કરી. પરંતુ તુર્કીઓએ તો તેમની એક પણ વાત ન માની.

ફાંસીનો દિવસ વધુ ને વધુ નજીક આવતો જતો હતો.

હવે શું કરવું ?

અંતે ઈરાનના બાદશાહે તુર્કી સુલતાનને એક સંદેશો પહોંચાડયો કે : 'તમે ચાહો તો આખું ઈરાન રાજ્ય તમે લઈ શકો છો, પણ બદલામાં અમારા સંતને મુક્ત કરો !'

સંદેશો સાંભળી તુર્કી સુલતાન તો આશ્ચર્યમાં જ ડૂબી ગયો. એક મામૂલી (?!) માણસના બદલામાં સમગ્ર ઈરાન રાજ્ય આપી દેવા તૈયાર થયેલો ઈરાનનો બાદશાહ તેને પાગલ લાગ્યો. થોડો વિચાર કરી તેણે પુછાવ્યું : 'આટલા લાંબા યુદ્ધ પછી પણ હું જે નથી મેળવી શક્યો તે રાજ્ય એક મામૂલી માણસના બદલામાં તમે આપી દેવા કેમ તૈયાર થયા છો ?'

તુર્કી સુલતાને પુછાવેલા પ્રશ્નના ઉત્તરમાં ઈરાનના બાદશાહે જવાબ પાઠવ્યો : 'રાજ્યનું મૂલ્ય તો છે જ, પણ

અમારે મન સંત તો અમૂલ્ય છે! દુનિયાની કોઈ પણ વસ્તુ સાથે સંતની સરખામણી થઈ શકતી નથી. ગુમાવેલું રાજ્ય તો પાછું પણ મેળવી શકાશે પરંતુ સંતને ગુમાવીશું તો અમે ભિખારી જ બની જઈશું!'

ઈરાનના બાદશાહનો ઉત્તર મેળવી તુર્કી સુલતાન તો વિચારમાં જ પડી ગયો. તેણે સમજી લીધું કે જે દેશમાં સંતનું આટલું ઉચ્ચ મૂલ્ય હોય તે દેશને કોઈ પરાજિત કરી શકે નહિ. તરત જ તેણે યુદ્ધ બંધ કરવાનો આદેશ આપ્યો અને સંત અન્સારને ખૂબ જ આદર અને સન્માનપૂર્વક મુક્ત કરી ઈરાન પહોંચાડ્યા.

## ૧૩

## કોઈ સમ્રાટ સિકંદરને હું નથી ઓળખતો

વિશ્વવિજેતા બનવા નીકળેલા સિકંદરની આ વાત છે. હતો તો તે ખૂબ હિંમત અને તાકાતવાળો.

તેણે સેવેલું વિશ્વવિજેતા બનવાનું સ્વપ્નું પૂરું કરવા તે નીકળી પડ્યો. ઘણા દેશોમાં વિજયનો ડંકો વગાડતો તે ભારતમાં આવ્યો. ને ભારતમાં પણ તેણે પોતાનો વિજયધ્વજ ફરકાવ્યો.

ભારતમાંથી તે પાછો ફરી રહ્યો હતો.

બળ, હિંમત અને વિજયના ત્રેવડા નશાએ તેને ભારે અહંકારી બનાવી દીધો હતો.

હજી તેણે ભારતની સરહદ છોડી નહોતી.

પાછાં વળતાં, માર્ગમાં તેણે એક સંત-મહાત્મા સંબંધી ખૂબ ખૂબ સાંભળ્યું. સંત-મહાત્માની ખ્યાતિ સાંભળી તેને પણ તેમને મળવાની ઇચ્છા થઈ. તેણે પોતાના સેવકોને સૂચના આપી કે જઈને પેલા સંતને કહો કે: 'સમ્રાટ સિકંદર તમને મળવા ઇચ્છે છે તો સિકંદરના નિવાસસ્થાને તેઓ પધારે.' સિકંદરનો આ સંદેશો લઈને ગયેલા સેવકો થોડી જ વારમાં પાછા ફર્યા અને જણાવ્યું કે તેમણે પધારવાની ઇચ્છા દર્શાવી નથી અને જણાવ્યું કે હું કોઈ સમ્રાટ સિકંદરને ઓળખતો નથી.

સિકંદર તો અવાક થઈ ગયો!

તેણે તો કલ્પના પણ નહોતી કરી કે વિશ્વવિજેતા સિકંદરની આજ્ઞા કે ઇચ્છા અથવા વિનંતીનું કોઈ ઉલ્લંઘન પણ કરી શકે!

તે ચૂપ રહ્યો!

શાંતિથી તે કંઈ વિચારવા લાગ્યો.

થોડી વાર પછી તે જાતે પેલા સંત-મહાત્મા પાસે ગયો.

નદીને કિનારે, મઢૂલીની બહાર – ઓટલા પર સૂર્યના કોમળ કોમળ તડકામાં શાંત ચિત્તે બેઠેલા મહાત્મા પાસે તે જઈ ઊભો.

સંત તો પોતાની મસ્તીમાં મસ્ત હતા.

સિકંદરના આગમનનો અણસાર સુધ્ધાં તેમને આવ્યો નહોતો.

થોડી ક્ષણો આમ જ પસાર થઈ ગઈ!

કંઈક વિચારી, સિકંદરે સંતને પ્રણામ કર્યા.

સંત-મહાત્મા શાંત રહ્યા – કંઈ જ ન બોલ્યા.

સિકંદરે ગર્વિલા સ્વરે કહ્યું: 'મહારાજ! હું વિશ્વ-વિજેતા સિકંદર આપની સેવા કરવા આવ્યો છું! મને આદેશ આપો કે હું આપની શી સેવા કરી શકું?' સિકંદરને એમ કે તૂટીફૂટી મઢૂલીમાં રહેતો આ સાધુ તેની પાસે ધનદોલત માગશે.

શાંત ચિત્તે પોતાની મસ્તીમાં ખોવાયેલા પેલા સંતે નાછૂટકે એક નજર ઉપર નાખી તો સાક્ષાત્ અહંકારની મૂર્તિ દીઠી. ધીરેથી તેમણે કહ્યું: 'મારે વિશ્વવિજેતા સિકંદર સાથે કોઈ જ લેવાદેવા નથી. સમ્રાટ સિકંદરને હું નથી ઓળખતો. હું તો કેવળ એક જ સમ્રાટને ઓળખું છું – જે સૌનો રાજા છે. રહી સેવાની વાત. તું મારી શી સેવા કરવાનો હતો? સૂર્યનો કોમળ કોમળ તડકો મારા પર પડતો હતો તે રોકીને તું ઊભો રહી ગયો છે. માર્ગમાંથી તું ખસી જા અને મને પ્રભુનો એ આનંદ લેવા દે!'

ભૌતિકરૂપે સિકંદરે ભલે વિશ્વવિજેતાનો આનંદ પ્રાપ્ત કર્યો હતો પરંતુ આ બ્રહ્માનંદ સામે સિકંદર પોતાને તુચ્છ સમજવા લાગ્યો.

મનોમન ઝૂકી પડ્યું તેનું શીશ આ મહાન સંતના ચરણોમાં.

## ૧૪
## મારાં ચર્મચક્ષુ નથી પણ........!

એક નગરના રાજમાર્ગની બાજુમાં જ ખોદકામ ચાલતું હતું.

સુધરાઈના કર્મચારીઓએ રસ્તા નજીક ખોદકામ કરી ઊંડો ખાડો ખોદ્યો હતો. ખાડો ખાસ્સો ઊંડો હતો. જો કોઈ તેમાં પડે તો હાથપગ ભાંગીને જ બહાર નીકળે.

સુધરાઈએ મૂકેલું 'ભય'નું પાટિયું કોઈએ તોડી નાખ્યું હતું અને નાનકડું લાલટેન કોઈએ ફોડી નાખ્યું હતું. તેથી અકસ્માતનો ભય વધુ હતો.

દિવસે તો ઠીક પણ રાત્રે તો અકસ્માત થવાની પૂરેપૂરી શક્યતા હતી.

કોઈ એક સુરદાસને આ વાતની ખબર પડી.

રાતનું અંધારું નગર પર પથરાયું. પેલા સુરદાસે એક ફાનસ સાફ કર્યું – તેને સળગાવ્યું. પછી ધીરે ધીરે તે પેલા ખાડા પાસે પહોંચ્યો. સળગતું ફાનસ હાથમાં પકડી તે ઊભો રહ્યો અને મોટે મોટેથી બોલવા લાગ્યો કે : 'ભાઈઓ! આ તરફ ઊંડો ખાડો છે. સાવધાન.'

ઘણા રાહદારીઓ તેની ચેતવણીથી ખાડામાં પડતા બચી ગયા.

એક રાહદારીને મજાક સૂઝી. તેણે કહ્યું : 'સુરદાસજી! તમને તો કંઈ દેખાતું નથી. તો પછી તમે આ રીતે બીજાને

શા માટે રસ્તો બતાવો છો?'

જે તરફથી અવાજ આવતો હતો તે તરફ ડોક ફેરવતાં હસતાં હસતાં સુરદાસે કહ્યું : 'ભાઈ! તમારી વાત સાચી છે કે મારાં ચર્મચક્ષુ નથી. દેખીતી રીતે હું અંધ છું ખરો! પણ મારાં અંતરચક્ષુ ખુલ્લાં છે; જેની મદદથી બીજાને માથે ભમતી આ ખાડામાં પડવાની આપત્તિને હું જોઈ શકું છું. અને તેથી તેમને બચાવવાનો યથાશક્તિ પ્રયત્ન કરું છું!'

પેલા ભાઈ તો ચૂપ જ થઈ ગયા.

શું બોલે?

સુરદાસને મનોમન વંદન કરી, તેમના જેવી જ ભાવના કેળવવાનું સામર્થ્ય પ્રભુ પાસે માગતા તે આગળ ચાલી ગયા. જતાં જતાં તેમના કાને સુરદાસના શબ્દો અથડાયા : 'ભાઈઓ! આ તરફ ખાડો છે...!'

જો પ્રત્યેક માનવીની આંતરિક દૃષ્ટિ ખૂલી જાય તો પછી આ જગતમાં દુઃખ જેવું કંઈ રહે ખરું?

## ૧૫
## મહાચંડાલ ક્રોધ

એક વાર એક મહાત્મા ગંગાસ્નાન કરીને પાછા ફરી રહ્યા હતા. માર્ગમાં ઘણી ભીડ હતી. ગંગાસ્નાન કરીને પવિત્ર થયેલા એ મહાત્મા બીજી અપવિત્ર વ્યક્તિઓના સ્પર્શથી પોતાને બચાવવાનો પ્રયત્ન કરતા ખૂબ જ કાળજી-

પૂર્વક આગળ વધી રહ્યા હતા. તેઓ એ વાતની સંભાળ રાખતા હતા કે માર્ગમાં ચાલતી કોઈક અપવિત્ર વ્યક્તિનો સ્પર્શ તેમને થઈ ન જાય. તેમ થાય તો તેમણે ફરી સ્નાન કરવા જવું પડે !

પરંતુ ખૂબ જ કાળજી રાખવા છતાં પ્રયત્નપૂર્વક તેમણે પવિત્ર અને અકબંધ રાખેલા તેમના શરીરને સામેથી આવતી એક વ્યક્તિનો સ્પર્શ થઈ ગયો. અધૂરામાં પૂરું જે વ્યક્તિનો તેમને સ્પર્શ થઈ ગયો તે તો બિચારો કોક અછૂત હતો.

હેં ! અછૂતનો સ્પર્શ ? અને તેય સ્નાનકર્મથી પવિત્ર થયેલા બ્રાહ્મણના શરીરને ?

બસ ! ખલાસ !!

મહાત્માજીનો પારો તો સાતમા આસમાને ચડી ગયો.

તેમના ગુસ્સાનો કોઈ પાર ના રહ્યો.

મન પર ક્રોધ સવાર થઈ ગયો. ને મહાત્માજીના મુખમાંથી વિવેકહીન શબ્દો નીકળી પડચા : 'આંધળો છે ? જોતો નથી ? રસ્તાની એક બાજુએ ચાલતાં શું થાય છે ? હવે મારે ફરીથી સ્નાન કરવું પડશે. કચાંથી નીકળી પડે છે આવા ને આવા...ગમાર...અછૂત !...'

એટલી જ વિનમ્રતાથી બે હાથ જોડીને પેલા અછૂતે કહ્યું : 'મારો અપરાધ ક્ષમા કરો, મહારાજ ! હરિસ્મરણમાં હું કચાં ખોવાઈ ગયો હતો તેનું મને ભાન નહોતું. મારો દેહ તમારી કાયાને સ્પર્શી ગયો. રહી સ્નાનની વાત ! તમે

સ્નાન કરો કે ના કરો, પરંતુ મારે તો અવશ્ય સ્નાન કરવું જ પડશે.'

'હેં ? !...શું બકે છે તું ?' અછૂતની આ વાત સાંભળી મહાત્માને ખૂબ આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું : 'તારે વળી કેમ સ્નાન કરવું પડશે ?'

ખૂબ જ ધીરજ અને શાંતિથી પેલા અછૂતે કહ્યું : 'મારું શરીર તો માટીનો દેહ છે — એ અપવિત્ર નથી જ. પરંતુ સૌથી અપવિત્ર તો મહાચંડાલ ક્રોધ છે જેનાથી તમે અપવિત્ર થયા છો. આ રીતે ચંડાલ ક્રોધના સ્પર્શથી અપવિત્ર થયેલા તમારા શરીરનો સ્પર્શ મને થયો છે માટે મારે તો સ્નાન કરવું જ પડશે, મહારાજ !'

ને મહાત્માને નમ્રતાપૂર્વક વંદન કરતો એ અછૂત ભીડમાં અદૃશ્ય થઈ ગયો અને મહાત્માને એ શીખવી ગયો કે : 'માનવીનો મહાન શત્રુ ક્રોધ છે; તેનાથી તન અને મન બંને અપવિત્ર બને છે !'

## ૧૬
## ભાર શાનો ?, ભાઈ છે એ તો !

નગરથી થોડે દૂર એક ડુંગર હતો.

ડુંગર પર માતાજીનો મેળો ભરાયો હતો.

સવારથી જ યાત્રિકો ઉપર ચડી રહ્યા હતા.

એક સાધુમહારાજ પણ માતાજીનાં દર્શન કરવા ઉપર ચડી રહ્યા હતા. તેમની નજર તેમનાથી થોડે આગળ

ચાલતી એક કિશોરી પર પડી. બાર-ચૌદ વર્ષની કિશોરી ત્રણેક વર્ષના એક બાળકને ઊંચકીને ધીરે ધીરે ઉપર ચડી રહી હતી.

સાધુમહારાજ ક્યારનું નિરીક્ષણ કરી રહ્યા હતા — આ નાનકડી છોકરી...! ....પેલા બાળકનું ખાસ્સું વજન...! ને તેમાં વળી પાછું ચડાણ...?! છતાંય કિશોરીના ચહેરા પર કટુતાનું કોઈ ચિહ્ન નજરે પડતું નથી કે નથી કોઈ થાક વર્તાતો તેના શરીર પર. સાધુ-મહારાજને ખૂબ આશ્ચર્ય થયું.

કિશોરી તો ઉલ્લાસભેર ઉપર ચડી રહી હતી.

સાધુમહારાજ તેની નજીક ગયા. પછી તેમણે પૂછ્યું : 'બેટી ! તને ભાર નથી લાગતો ?'

થોડી ક્ષણો માટે તો તે કિશોરી એ સાધુમહારાજ ભણી જોતી જ રહી. પછી હસતાં હસતાં તેણે કહ્યું : 'મહારાજ ! ભાર શાનો ? ભાઈ છે મારો એ તો...!'

પછી એ જ ઉત્સાહ — એ જ ઉલ્લાસથી તે આગળ વધવા લાગી.

સાધુમહારાજ તો થંભી જ ગયા.

કેવો મોટો બોધ — ઉપદેશ આપી દીધો આ ટચૂકડી બાળાએ ! તેમનાં આંતરિક દ્વાર ઊઘડી ગયાં — 'કોઈ પણ કાર્ય બોજારૂપ કે કંટાળારૂપ બનવા ન બનવાનો આધાર એ કાર્ય કેવા ભાવથી કરવામાં આવે છે તે પર રહેલો છે. પ્રત્યેક કાર્ય જો પ્રભુનું જ કાર્ય છે એવા

હાર્દિક ભાવથી કરીએ તો ?' મનોમન વંદી રહ્યા સાધુ-મહારાજ એ નાનકડી બાળાને !

## ૧૭

## ક્રોધ અને અહંકાર પર સાચો વિજય

વર્ષોના એકાંતવાસ પછી એક સંતને થયું — ચાલ જીવ, આજ તો માનવવસ્તીમાં જાઉં !

સંતમહાત્માએ તો એક નગરમાં પ્રવેશ કર્યો.

માનવમેદનીથી ઊભરાતા અને ભૌતિક સંપત્તિનું પ્રદર્શન કરતા એ નગરમાંથી પસાર થતા મહાત્મા તો આગળ જ વધતા રહ્યા.

ન જાણે કેમ પણ તેમના પગ ક્યાંય થોભતા જ નહોતા.

રાજમાર્ગ પૂરો કરી નગર છેડે આવેલા સોસાયટી વિસ્તારમાં તેમણે પ્રવેશ કર્યો.

નગર અજાણ્યું હતું — નગરજનો અજાણ્યા હતા !

ચાલતાં ચાલતાં એક સરસ મજાના બંગલાના દ્વાર પર તેમના પગ થંભી ગયા.

સ્વયં એ મહાત્માને પણ ખબર નહોતી કે ક્યારે તેઓ થંભી ગયા હતા !

દરવાને જોયું કે કોઈ સાધુ દરવાજા પર ઊભો છે.

'સાધુંમહારાજ, તમે ચાલ્યા જાઓ ! જો તમે કંઈ

ઇચ્છતા હશો તો કંઈ નહિ મળે તમને.' દરવાને જાળી-વાળા દરવાજા પાછળથી કહ્યું.

પણ મહાત્મા તો ઊભા જ રહ્યા.

'એક વાર કહ્યું ને કે જતા રહો...' હવે દરવાનના શબ્દોમાં કટુતા હતી.

મૌન ધારણ કરી ચહેરા પર અનંત શાંતિ પાથરી મહાત્મા તો ઊભા જ રહ્યા.

અરે ! આ સાધુડો તો જવાનું નામ જ નથી લેતો.

દરવાને હવે મિજાજ ગુમાવ્યો.

દરવાન વધુ કંઈ કહે તે પહેલાં દરવાનનો ગરમ અવાજ સાંભળી ઘરમાંથી ઘરમાલિક બહાર આવ્યા.

તેણે પણ સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી — ક્યાંથી ચાલ્યા આવે છે આવા ને આવા...! કોઈ કામધંધો કરવો નથી, બસ મફતનું ખાવું છે.

નિર્લેપ બની સંતમહાત્મા તો પ્રસન્ન ચિત્તે ઊભા જ રહ્યા.

ઘરમાલિકે દરવાનને કંઈક કહ્યું.

માલિકની સૂચના પ્રમાણે દરવાન લગભગ ઘસડી ગયો પેલા મહાત્માને. થોડે દૂર મૂકી આવ્યો.

'હાશ ! બલા ટળી...!' પણ તે હજી નિરાંતનો શ્વાસ લે તે પહેલાં તો એ જ સાધુ એટલી જ પ્રસન્નતાથી પુનઃ ઊભા હતા.

'ખરો છે ને આ સાધુડો !' ઘરમાલિક પણ વિચારતો જ થઈ ગયો.

બહાર નીકળીને ફરીથી તેણે સખત શબ્દોમાં અપમાન કરી પેલા મહાત્માને કાઢી મુકાવ્યો.

પણ એ મહાત્મા તો ફરીથી આવી ઊભા રહ્યા. એ જ પ્રફુલ્લિત હાસ્ય! એ જ પરમ શાંતિ! એ જ પ્રસન્નતા!

હવે પેલા ઘરમાલિકને ખૂબ પસ્તાવો થયો.

મહાત્માના ચરણોમાં ઝૂકી, ક્ષમા માગી તે તેમને ઘરમાં લઈ ગયો.

પોતે કરેલા સખત અપમાનને ગળી જનાર આ પ્રસન્ન ચિત્ત સંતમહાત્માને આદરમાન સહિત એક સ્વચ્છ સુંદર આસન પર બેસાડી તેમની સન્મુખ બેસી તેમની સ્નેહ અને કરુણા નીતરતી આંખોમાં આંખ પરોવતાં તેણે ખૂબ જ વિનમ્રતાપૂર્વક કહ્યું: 'મહાત્મન્! મેં આપને ન કહેવાના શબ્દો કહ્યા. સખત શબ્દોમાં અપમાનિત કર્યા. છતાં આપ તો પ્રસન્નવદન શાંત રહ્યા. મેં કરેલા તિરસ્કારને ગળી જઈ પ્રફુલ્લિત રહ્યા! ખરેખર...! આપે ક્રોધ પર વિજય મેળવ્યો છે. ક્ષમા કરો મને મહાત્મન્!'

પ્રસન્ન વદને મહાત્માએ કહ્યું: 'વત્સ! મારી અધિક પ્રશંસા ના કરો. અધિક પ્રશંસા સાંભળીને તો મારામાં અહંકાર પેદા થશે.'

ઓહ! તેઓ અહંકારથી પણ પર છે! — મનોમન વિચારતાં પેલા ગૃહસ્થે પોતાની જાતને ખુશનસીબ માની કે તેણે આજે એક સાચા સંતનાં દર્શન કર્યાં હતાં કે જેણે ક્રોધ અને અહંકાર પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

આપણા બે મહાન શત્રુ — ક્રોધ અને અહંકાર — પર જો વિજય મેળવી શકાય તો ?

## ૧૮

## સારો વહેવાર કરો, સારો વહેવાર પામો

એક સુખી પરિવાર હતો. પરિવારમાં ચાર સભ્યો હતા. પતિ-પત્ની, તેમનો એક દીકરો અને દીકરાના વૃદ્ધ દાદા.

ઘરમાં કોઈ વાતની કમી નહોતી. પતિ એક સારી ફર્મમાં મૅનેજર હતો. માસિક સારું કમાતો હતો. આધુનિક રાચરચીલું ઘરને શોભાવતું હતું.

દાદા માટે અલાયદો ઓરડો હતો.

દાદા બિચારા ભગવાનનું માણસ હતા.

માંડ માંડ ઊઠબેસ કરી શકતા. દાદા ભગવાનના તેડાની રાહ જોતા દિવસો પસાર કરતા હતા.

પતિ-પત્ની અને તેમનો દીકરો સરસ મજાના ડાઇનિંગ ટેબલ પર બેસી નાસ્તો કરે; ખાય...જમે...! સરસ મજાનાં થાળી-વાટકા અને સરસ મજાની ડિશ-ચમચી ! દાદાને માટે માટીની ઠીકરી અને એક અલાયદો ખૂણો — ખાવા માટે સ્તો !

દાદા બિચારા પેલા ઓરડામાં પડી રહેતા. પૌત્ર તેમની જોડે રમે — વાતો કરે. વહુને ખાસ ગમે તો નહિ

પણ દાદા હવે આઝું કાઢવાના નથી તો પછી...? તોય મોં તો ચડેલું રહે જ. મહિલા મંડળની મીટિંગ, પિક્ચર, પિકનિક, શોપિંગ વગેરે પ્રવૃત્તિમાંથી સમય પણ તેને ક્યાં મળતો હતો!

દાદા ખર્યું પાન! હાથ ધ્રૂજે – પગ ધ્રૂજે. દાદાથી કોઈ વસ્તુ વ્યવસ્થિત રીતે પકડી પણ ન શકાય એવી તેમની સ્થિતિ. ધ્રૂજતા હાથમાંથી એક દિવસ ઠીકરી પડી ગઈ ને તૂટી ગઈ!

માટીની ઠીકરીની જગ્યાએ હવે તૂટે નહિ તેવી લાકડાની ડીશ આવી ગઈ, વહુની ભલામણથી.

પૌત્ર બધું જોયા કરે.

તેનું બાળમાનસ કંઈ વિચાર્યા કરે.

એક દિવસ તે ક્યાંકથી લાકડાના પાટિયાનો ટુકડો ઉપાડી લાવ્યો. છરીચપ્પુ લઈ તેના કંઈક ઘાટ ઘડવાના પ્રયત્નો કરવા લાગ્યો.

'આ શું કરે છે?' પપ્પા–મમ્મીએ પૂછ્યું.

'લાકડાની ડિશ બનાવું છું!' દીકરાએ જવાબ દીધો.

'કેમ...?' પપ્પા–મમ્મીનું કુતૂહલ વધ્યું.

'દાદાની જેમ તમે ઘરડાં થશો ત્યારે તમારે માટે જોઈશે ને?'

દીકરાની સાલસ પરંતુ ગર્ભિત અને માર્મિક વાત સાંભળી બંને ચમકી ગયાં. આંખો પહોળી કરી બંને એકબીજા તરફ જોવા લાગ્યાં. નાનકડો દીકરો આજે તેમનો

ગુરુ બન્યો હતો જેણે તેમને શીખવ્યું, 'બીજા સાથે એવો વહેવાર ન કરો જે તમને સ્વયં તમારે માટે પસંદ ન હોય! બીજા પાસે તમે તમારે માટે જેવા વહેવારની અપેક્ષા રાખતા હો તેવો જ વહેવાર — તેવું જ વર્તન તમે પણ બીજા સાથે કરો.'

બીજે જ દિવસથી દાદાને સરસ મજાની સ્ટીલની થાળી-વાટકીમાં સરસ મજાની રસોઈ મળવી શરૂ થઈ ગઈ. પરિવારમાં પ્રસન્નતાની જ ખામી હતી તે પૂરી થઈ ગઈ.

## ।। હરિ : ૐ ।।

## હરિ:ૐ આશ્રમ પ્રકાશિત બાલોપયોગી પુસ્તિકાઓ

| નામ | લેખક | પૃષ્ઠ | કિંમત |
|---|---|---|---|
| ૧. વાંચવા જેવી વાતો | શ્રી મુકુલભાઇ કલાર્થી | — | ૨–૫૦ |
| ૨. ધરતીની મહેંક | ,, (સચિત્ર) | — | ૩–૦૦ |
| ૩. બાળકોના મોટા | ,, | — | ૩–૦૦ |
| ૪. બાલવાડીનાં ફૂલડાં | ,, | — | ૨–૫૦ |
| ૫. ગાગરમાં ભર્યો સાગર | ,, | — | ૩–૦૦ |
| ૬. રસભરી વાતો | ,, | — | ૩–૦૦ |
| ૭. મીઠી મઝાની વાતો | ,, | — | ૩–૦૦ |
| ૮. સુવર્ણની માયા | ,, | — | ૩–૦૦ |
| ૯. સાચને કદી આંચ નહિ | ,, | — | ૩–૦૦ |
| ૧૦. મોટાઇની ચડસાચડસી | ,, | — | ૩–૦૦ |
| ૧૧. શિશુ રામાયણ | (રંગીન આકર્ષક ચિત્રો સાથે) | | ૧૦–૦૦ |
| ૧૨. શિશુ મહાભારત | રમણલાલ સોની (સચિત્ર) | | ૧૦–૦૦ |
| ૧૩. વીર વિક્રમ | ,, | ,, | ૩–૫૦ |
| ૧૪. લાકડાનો ઘોડો | ,, | ,, | ૩–૫૦ |
| ૧૫. ઘેલા ભટ્ટ | ,, | ,, | ૩–૫૦ |
| ૧૬. કૃષ્ણની બાળલીલાઓ | (રંગીન સચિત્ર) | | ૮–૦૦ |
| ૧૭. પૂજ્યશ્રી મોટા | ડૉ. રમેશભાઇ ભટ્ટ | | ૨–૦૦ |

### — કિશોરો માટેનું શિષ્ટ વાંચન —

| | | |
|---|---|---|
| ૧. હબસીઓનો પનોતો પુત્ર | મુકુલ કલાર્થી | ૮–૦૦ |
| ૨. શૂન્યમાંથી સર્જન | ,, | ૬–૦૦ |
| ૩. પ્રેરણાનું ભાથું ૫૦ પ્રેરકપ્રસંગો | ,, | ૭–૦૦ |
| ૪. માતૃ દર્શન (પાંચ સન્નારીઓનાં જીવન ચરિત્રો) | | ૮–૦૦ |

આવરણ : દીપક પ્રિન્ટરી : અમદાવાદ–૩૮૦ ૦૦૧.